**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૦૨/03/૨૦૧૮ શુક્રવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૪૧૮//૧૮**

**છેલ્લા દોઢેક મહિના દરમ્યાનમાં અમદાવાદ શહેરના અલગ-અલગ વિસ્તારમાંથી ડુપ્લીકેટ ચાવીથી લોક ખોલી ૦૫ જેટલા હોન્ડા એક્ટીવા સ્કુટરોની ચોરી કરનાર ઇસમોને ચોરીના ૦૩ એક્ટીવા સાથે ઝડપી પાડી વાહન ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર, ક્રાઈમ બ્રાન્ચ**

અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચના સંયુકત પોલીસ કમિશ્નર શ્રી જે.કે.ભટ્ટ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ડો. રાજદીપસિંહ ઝાલા સાહેબ નાઓએ અમદાવાદ શહેરમાં વાહન ચોરીમાં એકટીવા ચોરીના બનાવો ખુબજ વધવા પામેલ હોય જેથી કોઇ સ્પેશીફીક એક્ટીવા ચોરીના ગુન્હાઓ તાકીદે શોધી કાઢવા સારુ સુચના કરેલ હોય જેઓની સુચના આધારે પોલીસ ઈન્સપેકટર શ્રી એસઆર.ટંડેલ નાઓના માર્ગદર્શન હેઠળ તેઓના સ્કોડના પો.સબ.ઇન્સ. શ્રી ડી.કે.ચૌધરી તથા પો.સ.ઇ.શ્રી કે.આઇ.જાડેજા નાઓ ટીમ સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના મ.સ.ઇ. કુંદનભાઇ બાબુભાઇ તથા પોકો. વિનોદભાઇ ગાંડાભાઇ નાઓએ તેઓને મળેલ સયુંકત બાતમી હકીકત આધારે આરોપી (૧) હિતેશ ઉર્ફે કાળીયો કુટરમલ જૈન ઉ.વ.૪૦, રહે. શાહીબાગ, અમદાવાદ શહેર તથા (૨) કીરણ ઉર્ફે કલ્પેશ ઉર્ફે કલ્પો S/O બાબુલાલ ખુમાજી શાહ ઉ.વ.૪૩, રહે. દીલ્હી દરવાજા બહાર, શાહીબાગ, અમદાવાદ શહેરનાને સાબરમતી, પાવર હાઉસ રેલ્વે ફાટક પાસેથી ચોરીના હોન્ડા એક્ટીવા નંબર GJ-09-AN-3131 કિંમત રૂ.૧૫,૦૦૦/- ની મત્તાના સાથે આજરોજ તા.૦૧/૦૩/૨૦૧૭ ના રોજ પકડી અટક કરવામાં આવેલ છે. તેમજ સદર આરોપી પૈકી આરોપી હીતેશ ઉર્ફે કાળીયાએ ચોરી કરી બિનવારસી હાલતમાં મુકી દિધેલ બીજા ૦૩ એક્ટીવા, તેમજ ઉપરોક્ત ગુનો આચરવામાં ઉપયોગમાં લીધેલ આરોપી હીતેશ ઉર્ફે કાળીયાનુ એક્ટીવા-૦૧ મળી કુલ-૦૪ એક્ટીવા કિંમત રૂ.૯૦,૦૦૦/- ની મતાના તપાસ અર્થે કબ્જે કરવામાં આવેલ છે.

સદર બંને આરોપીઓની પુછપરછ કરતા ઉપરોક્ત કબ્જે કરેલ તમામ હોન્ડા એક્ટીવા પૈકી શાહીબાગ સુકન મોલ સામેના રોડ ઉપર થી એક તથા ફ્રેરડી સ્કવેર મોલ, પીવીઆર સીનેમાની બહારના ભાગેથી એક એમ બે બંને આરોપીઓ ભેગા મળી ચોરેલ હતુ તેમજ તે સિવાયનુ એકહોન્ડા એક્ટીવા આરોપી હિતેશ ઉર્ફે કાળીયો કુટરમલ જૈન નાએ પોતે ડુપ્લીકેટ ચાવીથી લોક ખોલી ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ છે. તેમજ એક હોન્ડા એક્ટીવા આરોપી હીતેશ ઉર્ફે કાળીયો પોતાની માલીકીનુ હોવાનુ અને એક્ટીવા ચોરી કરવામાં ઉપયોગ કરેલ હોવાનુ જણાવે છેઆ ચોરી કરેલ તમામ હોન્ડા એક્ટીવા પોતાના ફેરવવા માટે ચોરી કરેલ હતા. બાદ તેને ફેરવી પેટ્રોલ પુરુ થતા તેમજ પોતાની જરૂરીયાત પુરી થતા તેનેબિનવાસરી હાલતમાં મુકી દેતો હતો

સદર હોન્ડા એક્ટીવા ચોરીઓ બાબતે માધુપુરાપોલીસ સ્ટેશન-૦૨, શાહીબાગ પોલીસ સ્ટેશન-૦૧, ચાંદખેડા પોલીસ સ્ટેશન-૦૨ મળી કુલ ૦૫ ફરીયાદ નોંધાયેલ હોય, જેથી સદર આરોપીઓને આગળની વધુ તપાસ અર્થે ઉપરોક્ત પોલીસ સ્ટેશનો ખાતે સોંપવા તજવીજ કરવામાં આવેલ છે.

સદર આરોપીઓ પૈકી આરોપી હિતેશ ઉર્ફે કાળીયો સ/ઓ કુટરમલ જૈન અગાઉ નવેમ્બર-૨૦૧૫ થી ફેબ્રુઆરી-૨૦૧૬ દરમ્યાન અમદાવાદ શહેરના અલગ-અલગ વિસ્તાર માંથી તેણે ૧૫ એક્ટીવાની ચોરી કરેલ હતી. જેમાં પકડાઇ જતા દોઢ મહિનો જેલમાં રહેલ તેમજ સુરત જેલમાં પાસા ભોગવી ચુક્લે છે. તેમજ જુન-૨૦૧૬ થી ઓક્ટોબર-૨૦૧૬ દરમ્યાન અમદાવાદ શહેર ના અલગ-અલગ વિસ્તાર માંથી તેણે ૪ એક્ટીવાની ચોરી કરેલ હતી. જે ગુનાઓમાં પકડાઇ ચુકેલ છે તેમજ નવેમ્બર-૨૦૧૬ માસ દરમ્યાન અમદાવાદ શહેરના અલગ-અલગ વિસ્તાર માંથી તેણે ૪ એક્ટીવાની ચોરી કરેલ હતી. જેમાં તા.૧/૧૨/૨૦૧૬ ના રોજ અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ કચેરી ખાતે પકડાઇ ગયેલ હતો. તેમજ ડિસેમ્બર-૨૦૧૬ માસમાં મણીનગર વિસ્તારમાંથી બેએક્ટીવાની ચોરી કરેલ હતી. જેમાં તા.૧/૧/૨૦૧૭ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે પકડાઇ ગયેલ હતો અને બાદ તેને મણીનનગરના ગુનામાં અટક કરેલ જે બન્ને ગુનામાં તા૧૮/૦૧/૨૦૧૭ સુધી સાબરમતી જેલમાં રહેલ હતો. ત્યાર બાદ સને-૨૦૧૭ માં સાબરમતી, સોલા હાઇકોર્ટ, વસ્ત્રાપુર, નારણપુરા, વાડજ તથા નવરંગપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી કુલ-૮ એક્ટીવાની ચોરીઓ કરેલ. જે એક્ટીવા સાથે ક્રાઇમ બ્રાન્ચમાં પકડાઇ ગયેલ હતો. જે ગુનામાંએકાદ મહીના સુધી સાબરમતી જેલમાં રહેલ હતો.

| હિતેશ ઉર્ફે કાળીયો સ/ઓ કુટરમલ જૈન | | કીરણ ઉર્ફે કલ્પેશ ઉર્ફે કલ્પો<br>S/O બાબુલાલ શાહ |
|---|---|---|
|  | |  |

**<u>અમદાવાદ શહેર વિસ્તારમાં સોનાના દાગીના સાફ કરી આપવાના બહાને તેમાંથી નજર ચુકવી સોનાના દાગીના ચોરી લેતી આંતર રાજય ગેંગના મુખ્ય સુત્રધાર તથા તેના સાગરીતને દાગીના સાફ કરવાના સામાન તથા મોટર સાયકલ તથા અગાઉ પકડાયેલ સહ આરોપીઓ ચોરી કરેલ સોનાના દાગીનાને ઓગાળી બનાવેલ રણી સાથે ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ</u>**

અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચના સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી જે.કે.ભટ્ટ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા અધિક નાયબ પોલીસ કમિશ્નર શ્રી ડો. રાજદીપસિંહ ઝાલા સાહેબ નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા સોનાના દાગીના સાફ કરી આપવાના બહાને સોનુ કાઢી લેવાના ગુના શોધી કાઢવા સારૂ સુચના કરેલ હોય જે આધારે પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.આર.ટંડેલ નાઓએ તેમના સ્કોડના અધિકારી/માણસોને જરૂરી સુચના અને માર્ગદર્શન કરતા પો.સબ.ઇન્સ. શ્રી કે.આઇ.જાડેજા તથા પો.સબ.ઈન્સ. શ્રી ડી.કે.ચૌધરી નાઓ ટીમના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં મિલકત સબંધી ગુનાઓ શોધવા માટેની કામગીરી હાથ ધરેલ હતી.

આજરોજ પો.સબ.ઈન્સ. શ્રી ડી.કે.ચૌધરી નાઓ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં નિકળેલ હતા તે દરમ્યાન સાથેના સ્ટાફના હેડ.કોન્સ. હિતેન્દ્રસિંહ ખોડુભા તથા પો.કોન્સ. દિલીપસિંહ વિજયસિંહ નાઓને મળેલ ખાનગી બાતમી હકિકત આધારે આરોપી (૧) અમરકુમાર સ/ઓ બિરેન્દ્રપ્રસાદ પોદીસાહ જાતે સાહ રહે. પોસ્ટ/થાના-સબોર, જી.ભાગલપુર, બિહાર (૨) **ચંન્દ્રશેખર ઉર્ફે છંગોલી મહંતલાલ સાહ (ઠઠેરા) રહે. થાના કુરસેલા જી.કઠીહાર બિહાર** નાઓને આજરોજ તા.૦૧/૦૩/૧૮ ના રોજ દાણીલીમડા, કાસીરામ ચાર રસ્તા ખાતે થી પલ્સર મોટર સાયકલ, રોકડ નાણા, સોનાની રણી તથા સોનાના દાગીના સાફ કરવાના સામાન સાથે પકડી અટક કરવામાં આવેલ છે.

સદર બન્ને આરોપીઓની પુછપરછ કરતા તેઓ સહ આરોપીઓ (૧) કૈલાષ ઉર્ફે એસ.પી. સાહ રહે. થાના કુરસેલા જી.કઠીહાર બિહાર (૨) ધરમેન્દ્ર કિશન સાહ રહે. જી.કઢીયાલ, રાજ્ય બિહાર (૩) સંજયકુમાર ઓમપ્રકાશ સાહ (ઠઠેરા) રહે. થાના. પુરનીયા, જી. પુરનીયા, બિહાર (૪) મિથલેશ મેનેજરપ્રસાદ સાહ રહે. જી.નૌગછીયા, ભાગલપુર બિહારનાઓની સાથે ભાગલપુર થી ટ્રેનમાં બેસી સુરત ખાતે આવેલ હતા અને સુરત થી બીજી ટ્રેનમાં નડીયાદ ખાતે આવેલ હતા. નડીયાદ પાસે આવેલ ભુમેલ ગામમાં એક રૂમ ભાડે થી રાખી તેમાં તમામ રહેતા હતા અને બે-બે માણસોની ટુકડીઓ બનાવી અમદાવાદ શહેર વિસ્તારમાં આવી સોસાયટીમાં ફરી દાગીના સાફ કરવાની બુમો મારી કોઇ સ્ત્રી એકલી ઘરે હાજર હોય અને તે સોનાના દાગીના સાફ કરવાનુ જણાવે તો તેઓના ઘરે બેસી પોતાની પાસે રહેલ નાઇટ્રીક એસીડ કેમીકલ થી દાગીના સાફ કરતા જેનાથી સોનાના દાગીના ચમકવા લાગે અને તેમાંથી સોનાનુ ઝારણ થાય જે ઝારણ સ્વરૂપે સોનુ કેમીકલમાં ભળી જાય બાદ સ્ત્રીને સાફ કરેલ દાગીના પરત આપી સ્ત્રીને ઘર માંથી પાણી લાવવાનુ જણાવતા સ્ત્રી જ્યારે ઘર માં પાણી લેવા માટે ઘર માં જાય ત્યારે કેમીકલ વાળુ પાણી તથા પોતાનો સામાન સાથે લઇ ત્યાંથી ભાગી જતા હતા આ મુજબની એમઓ. થી સોનાના દાગીના સાફ કરવાના બહાને દાગીના માંથી ઝારણ સ્વરૂપે સોનુ મેળવી લેતા હોય છે તેમજ વધારે દાગીના હોય ત્યારે નજર ચુકવી દાગીનાની ચોરી કરી લેતા હોય છે.

ઉપરોક્ત અટક કરવામાં આવેલ બંને આરોપી પૈકી આરોપી અમરકુમાર સ/ઓ બિરેન્દ્રપ્રસાદ પોદીસાહ જાતે સાહની પુછપરછ દરમ્યાન રામોલ પોલીસ સ્ટેશન તથા નવરંગપુરા

પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી અગાઉ અટક કરવામાં આવેલ સહ આરોપીઓ ધરમેન્દ્ર સાહ તથા સંજયકુમાર સાહ નાઓએ ચોરી કરી મેળવેલ સોનાની બે બંગડી તથા સોનાની વીંટી તથા સોનાનુ મંગળસુત્ર પકડાયેલ આરોપી અમરકુમાર સ/ઓ બિરેન્દ્રપ્રસાદ પોદીસાહ સાહને આપતો હતો અને નહી મળી આવેલ સહ આરોપી મીથીલેશ મેનેજરપ્રસાદ સાહ આ દાગીનાને ઓગાળી રણી બનાવી પકડાયેલ સદર આરોપી અમરકુમાર સ/ઓ બિરેન્દ્રપ્રસાદ પોદીસાહ સાહને આપતો હતો સદર આરોપી તે રણીને વેચાણ કરવા માટે જતો હતો. જે આરોપીને રાણીપ પોલીસ સ્ટેશન ખાતે સોપવા તજવીજ કરવામાં આવેલ છે.

ઉપરોકત પકડાયેલ બંને આરોપીઓ પૈકી આરોપી **ચંન્દ્રશેખર ઉર્ફે છંગોલી મહંતલાલ સાહ (ઠઠેરા)**નાએ બીજા સહ આરોપી સાથે ઉપરોક્ત કબ્જે કરેલ પલ્સર મોટર સાયકલમાં વડોદરા શહેર ખાતે દાગીના સાફ કરવાના બહાને સોનુ મેળવી લેવાનો ગુનો કરેલ હોય જે બાબતે પાણીગેટ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૩૧/૨૦૧૭ ઇપીકો કલમ ૪૦૬, ૧૧૪ મુજબનો ગુનો નોંધાયેલ છે સદર આરોપી **ચંન્દ્રશેખર ઉર્ફે છંગોલી મહંતલાલ સાહ (ઠઠેરા)** નાસતો ફરતો રહેલ હોય જેને સોંપવા અંગેની કાર્યવાહી કરવામાં આવેલ છે.

ઉપરોક્ત પકડાયેલ આરોપીઓ સિવાય અન્ય બે સહ આરોપીઓને પણ ક્રાઇમ બ્રાન્ચ ખાતે અટક કરવામાં આવેલ હતા તેમજ અન્ય સહ આરોપી (૧) કૈલાષ ઉર્ફે એસ.પી. સાહ રહે. થાના કુરસેલા જી.કઠીહાર બિહાર (૨) મિથલેશ મેનેજરપ્રસાદ સાહ રહે. થાના પરવત્તા જી.નૌગછીયા, ભાગલપુર બિહારનાઓ પણ ઉપરોક્ત ગુનાઓના કામે સંડોવાયેલ હોવાનુ સહ આરોપીઓની પુછપરછમાં જણાયેલ હોય સદર આરોપીઓ પોતાની અટકાયત ટાળવા સારુ નાસતા ફરતા હોય, જેઓની તપાસ તજવીજ ચાલુ છે. સદર આરોપીઓ ગુનો આચરવા માટે કાળા કલરના પલ્સર તથા સી.બી.ઝેડ મો.સા.નો ઉપયોગ કરતા હતા.

<u>અપીલ:</u> સદર આરોપીઓના ફોટા જોઇ આ આરોપીઓએ આપની સાથે આવી રીતે છેતરપીંડી/ચોરી કરેલ હોય, તો આ બાબતે જે તે પોલીસ સ્ટેશન ખાતે સત્વરે ફરીયાદ આપવા તથા ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર ખાતે સંપર્ક કરવા અપીલ છે.

| અમરકુમાર સ/ઓ બિરેન્દ્રપ્રસાદ પોદીસાહ સાહ | | **ચંન્દ્રશેખર ઉર્ફે છંગોલી મહંતલાલ સાહ (ઠઠેરા)** |
|---|---|---|
|  | |  |

## છેલ્લા ૮ વર્ષથી ખંભાળીયા, દેવભુમી દ્વારકા ખાતે ગુનો આચરી નાશતા ફરતા આરોપીને પકડી પાડતી સાયબર સેલ ક્રાઇમ બ્રાન્ચ,અમદાવાદ શહેર

સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી જેકે.ભટ્ટસા. તથા ના.પો.કમિ.શ્રી દીપન ભદ્રન સા.ક્રાઇમ બ્રાન્ચ નાઓની સુચના મુજબ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી સીએન.રાજપુત સા.નાઓનીસુચના અને માર્ગદર્શન મુજબ પોલીસ ઇન્સ્પેકટર શ્રી જેએસ.ગેડમ નાઓના સ્ક્વૉડના પો.સ.ઇ.શ્રી એસ.વી.ગળચર. તથા પો.સ.ઇ.શ્રી એસ.એમ.સિસોદીયા નાઓ પોતાના સ્ક્વૉડના સ્ટાફના માણસો સાથે નાસતા ફરતા વૉન્ટેડ આરોપીઓને પકડવા સારૂ પેટ્રોલીંગમાં હતા દરમ્યાન મળેલ ચોક્કસ બાતમી હકિકત આધારે સને-૨૦૧૦ ના વર્ષમાં ખંભાળીયા, દેવભુમી દ્વારકા ખાતે છેતરપીંડીનો ગુનો આચરી છેલ્લા સાતેક વર્ષથી અમદાવાદ શહેર ખાતે છુપાતા રહેતાં આરોપી અનિલકુમાર હિરાભાઇ ખંડવી ઉવ૩૨ રહેવાસી: ૧૦૩, નિર્ગુંણ હોમ્સ, કેનાલ રોડ, ન્યુ વટવા ઓમ શાંન્તિ બંગ્લોઝની પાછળ,વટવા અમદાવાદ શહેરનો ગુનો આચરી નાશતો ફરતો હોય જેને આજરોજ તા.૦૧/૦૩/૨૦૧૮ ના કલાક ૧૬/૦૦ વાગે વટવા ખાતેથી પકડી પાડેલ છે અને તેને ખંભાળીયા દેવભુમી દ્વારકા ખાતે સોંપવા તજવીજ હાથ ધરેલ છે

સદરી આરોપીની સઘન પુછપરછ કરતાં પકડાયેલ આરોપી અગાઉ ભારતની ખ્યાતનામ સિક્યુરીટી કંપની માં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતો હતો તે વખતેતેને એસ્સાર રીફાઇનરી જામનગર ખાતે નોકરી આપેલ તે વખતે સિક્યુરીટીના માણસોના પગાર ભથ્થા વિગેરે ના હિસાબમાં ગોલમાલ કરી છેતરપીંડી કરી અમદાવાદ આવી ગયેલ હોય તેની વિરૂદ્ધ ખંભાળીયા પોલીસ સ્ટેશનમાં છેતરપીંડીનો ગુનો દાખલ થયેલ છે

## શાહીબાગ પોલીસ સ્ટેશનના મારા મારીના ગુનામાં નાસતો ફરતો આરોપીને પકડી પાડતો શહેરકોટડા પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ

વિશેષ સંયુક્ત પોલીસ કમિ.શ્રી કે.એલ.એન.રાવ સાહેબ શ્રીની સુચના થી નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૩ રાહુલ ત્રિપાઠી સાહેબ તથા એ.સી.પી. શ્રી બળદેવ દેસાઈ સાહેબ તથા શહેરકોટડા પોલીસ સ્ટેશનના સિની.પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એસ.એમ.ચૌધરીના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પ્રો.પો.સબ.ઇન્સ. પી.વી.ધોકડીયા સાહેબ તથા હેકો અરખાભાઇ કરશનભાઇ બ.નં-૮૬૧૫ નાઓએ સ્ટાફના પો.કો. અનીલકુમાર સોનજીભાઇ બ.નં.૪૩૦૧ તથા પો.કો વિજયસિંહ ગંભીરસિંહ બ.નં-૧૦૩૭૯ નાઓને મળેલ ખાનગી બાતમી હકીકત આધારે ભૈરવસિંગ શેખાવત ઔડાના મકાન પાસે જાહેરમાં વોચ ગોઠવી શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફસ્ટ ગુ.ર.નં.૧૭/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૩૦૭,૩૨૩,૨૯૪(ખ),૧૧૪ જીપીએક્ટ કલમ ૧૩૫(૧) મુજબના કામે નાસતો ફરતો આરોપી બનવારી ઉર્ફે બબલુ સ/ઓ રામેશ્ર્વર કઠેરીયા ઉ.વ.૨૭ રહે.બંસીની ચાલી નરોડા રોડ અમદાવાદ શહેર નાને તા.૦૧/૦૩/૧૮ ના કલાક ૧૮/૪૫ વાગે સી.આર.પી.સી.કલમ ૪૧(૧)આઇ મુજબ પકડી અટક કરી આ બાબતે શાહીબાગ પોલીસ સ્ટેશન ઉપરોક્ત નંબરથી ગુનો રજી. થયેલ હોય આગળની વધુ તપાસ અર્થે આરોપીને શાહીબાગ પોલીસ સ્ટેશન સોંપવા તજવીજ કરવામાં આવેલ છે.

## દાણીલીમડા પોલીસ સ્ટેશન

## એક દિવસમાં કુલ-૩ આરોપીઓની પાસા કરવામાં આવી

(૧)

દાણીલીમડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં તેમજ ઇસનપુર પોલીસ સ્ટેશનમાં મારા મારી તથા લુંટના ગુનાઓમાં પકડાયેલ આરોપી મોહમદજાવેદ ઉર્ફે જાદુગર સ/ઓ ઇસ્માઇલભાઇ જાતે-શેખ (અબદાલ) ઉવ.૩૨ રહે-મારવાડીની ચાલી પાસે શાહ આલમ દાણીલીમડા અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં (૧) ઇસનપુર પો.સ્ટે ફ.ગુરનં-૫૫/૧૬ ઇપીકો કલમ-૩૯૪,૫૦૬(૧)જીપીએ૧૩૫(૧) મુજબ (૨) ઇસનપુર પો.સ્ટે ફ.ગુરનં-૧૫૨/૧૬ ઇપીકોકલમ-૩૨૪,૨૯૪(ખ), તથા જીપીએ૧૩૫(૧) મુજબ (૩) દાણીલીમડા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૦૫/૧૮ ઇપીકો કલમ ૩૨૪ તથા જીપીએક્ટ કલમ૧૩૫(૧) મુજબ ના ગુનાઓએ નોંધાયેલ જે ગુનાઓએ સબંધે પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓના પાસા હુકમ નંબર પીસીબી/ડીટીએન/પાસા/૧૭૨/૨૦૧૮ તા.૦૧/૦૩/૨૦૧૮ પાસા અટકાયતમા લેવાનો હુકમ કરતા ઉપરોકત પાસા અટકાયતીને તા.૦૧/૦૩/૧૮ ના કલાક ૨૨/૩૦ વાગ્યે પાસા હુકમની બજવણી જરુરી જાપ્તાના માણસો સાથે રાજકોટ જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે.

(૨)

દાણીલીમડા વિસ્તારમાં પ્રોહીબીશનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ આરોપી અબ્દુલહઇ ઉર્ફે ટીપુ અબ્દુલ જબ્બાર અંસારી ઉવ.૨૨ રહે. ઘનં- ૪ એવન નગર આર.વી ડેનિમ ફેકટરીના ખાંચામાં બેરલ માર્કેટ બોમ્બે હોટલ સામે દાણીલીમડા અ.વાદ શહેર નાની વિરુધ્ધમાં (૧) દાણીલીમડા પો.સ્ટે.પ્રોહી ગુ.ર.નં. ૫૦૧૮/૧૮ ધી ગુજરાત પ્રોહિ એક્ટ ૧૯૪૯નુ ગુજરાત ઓડિનન્સ ૭/૧૬ ની સુધારા કલમ ૬૬(બી),૬૫(ઇ),૮૧ મુજબ (૨) સરખેજ પો.સ્ટે.પ્રોહી ગુ.ર.નં. ૫૦૩૯/૧૮ પ્રોહિ એક્ટ કલમ ૬૬(બી),૬૫(ઇ),૬૮,૮૧,૯૮(૨)મુજબ ગુનાઓમાં પકડાયેલ જે ગુનાઓમાં ઉપરોક્ત આરોપી વિરુધ્ધ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓએ તેઓની કચેરીના પાસા હુકમ નંબર-પીસીબી/ડીટીએન/પાસા/૧૭૩/૨૦૧૭ તા.૦૧/૦૩/૨૦૧૮ થી પાસા અટકાયતમાં લેવાનો હુકમ કરતા ઉપરોકત પાસા અટકાયતીને તા.૦૨/૦૩/૨૦૧૮ ના કલાક ૧૧/૦૦ વાગ્યે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી <u>જામનગર જેલ</u> ખાતે જરુરી જાપ્તાના માણસો સાથે મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે.

(૩)

દાણીલીમડા વિસ્તારમાં પ્રોહીબીશનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ આરોપી ફિરોજ ઉર્ફે બકરી મુસ્તકીમ શેખ ઉવ.૩૫ રહે.જમાલપુર કેલીકોમીલની પાછળ સપ્તરુષિનો આરો બાવા લબલબની દરગાહની બાજુમાં ચાલીમાં જમાલપુર અ.વાદ શહેર નાની વિરુધ્ધમાં (૧) દાણીલીમડા પો.સ્ટે.પ્રોહી ગુ.ર.નં. ૫૦૧૮/૧૮ ધી ગુજરાત પ્રોહિ એક્ટ ૧૯૪૯નુ ગુજરાત ઓડિનન્સ ૭/૧૬ ની સુધારા કલમ ૬૬(બી),૬૫(ઇ),૮૧ મુજબ (૨) સરખેજ પો.સ્ટે.પ્રોહી ગુ.ર.નં. ૫૦૩૯/૧૮ પ્રોહિ એક્ટ કલમ ૬૬(બી),૬૫(ઇ),૬૮,૮૧,૯૮(૨)મુજબ ગુનાઓમાં પકડાયેલ જે ગુનાઓમાં ઉપરોક્ત આરોપી વિરુધ્ધ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓએ તેઓની કચેરીના પાસા હુકમ નંબર-પીસીબી/ડીટીએન/પાસા/૧૭૪/૨૦૧૭ તા.૦૧/૦૩/૨૦૧૮ થી પાસા અટકાયતમાં લેવાનો હુકમ કરતા ઉપરોકત પાસા અટકાયતીને તા.૦૨/૦૩/૨૦૧૮ ના કલાક ૧૧/૩૦ વાગ્યે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી <u>ભુજ જેલ</u> ખાતે જરુરી જાપ્તાના માણસો સાથે મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે.

**<u>રખીયાલ પોલીસ સ્ટેશનઃ-</u>**

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓની સુચના મુજબ અધિક પોલીસ કમિશ્નરશ્રી સે-૨ સાહેબની સુચના મુજબ પ્રોહી/જુગાર ના ગુના શોધી કાઢવા સારૂ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ તથા મદદનીશ પો.કમિ.શ્રી."એચ" ડિવીઝન નાઓ તરફથી મળેલ માર્ગદર્શન હેઠળ આજરોજ તા.૨૮/૦૨/૧૮ ના રોજ અમો સિનીયર પોલીસ ઇંન્સ્પેક્ટર સી.આર.રાણા તથા સર્વેલન્સ સ્કોડના પો.સ.ઈ બી.પી.ભેટારીયા તેમજ સ્ટાફના માણસો સાથે કલાક-૧૮/૧૦ વાગ્યે રખિયાલ પો.સ્ટે. હાજર હતા તે વખતે અ.પો.કોન્સ યોગેશકુમાર ભીખાભાઇ બ.નં-૫૯૬૨ તથા અ.પો.કો. નગાજણ અરજણભાઇ બ.ન.૮૮૬૭ નાઓને મળેલ સંયુક્ત બાતમી હકીકત આધારે રખિયાલ પો.સ્ટે.પ્રોહી ગુ.ર.નં.૫૦૨૬/૧૮ ધી પ્રોહી એકટ કલમ ૬૬ બી, ૬૫ એ.ઇ. ૧૧૬ બી મુજબના ગુનાના કામે <u>વોન્ટેડ આરોપી પ્રોહી બુટલેગર ફુરકાનબેગ અહેમદબેગ મિર્ઝા રહે, સંજયનગરના છાપરા ડી-૨૦ દવાખાના પાસે રખિયાલ અમદાવાદ</u> શહેર નાના ઘરે પંચો રૂબરૂ દારૂ અંગે રેઇડ કરતા તેના ઘરમાંથી પર પ્રાંતનો ઇગ્લીંશ દારૂ (૧) રોયલ સ્ટેગ ડીલક્ષ વ્હીસ્કી બોટલ નંગ- ૭૭ તથા (૨) મેકડોવેલ્સ નં-૧ રીસીર્વ વ્હીસ્કી બોટલ નંગ-૫૯ તથા (૩) રોયલ ચેલેન્જ વ્હીસ્કીની બોટલ નંગ-૨૭ મળી કુલ્લે બોટલ નંગ-૧૬૩ મળી આવેલ જેની કિં.રૂ. ૮૧૦૦૦/- નો ઇગ્લીંશ દારૂનો જથ્થો કબજે કરવામાં આવેલ છે.

*** નારોલ પોલીસ સ્ટેશન ***

**મોટર સાયકલ ચોરને મુદામાલ સાથે ઝડપી પાડતી નારોલ પોલીસ**

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ નાઓના માર્ગદર્શન અને અધિક નાયબ પો.કમી શ્રી "કે" ડીવીઝન સાહેબ નાઓએ મિલકત સબંધી ગુના બનતા અટકાવવા તથા શોધી કાઢવા સારૂ કરેલ સુચના આધારે પોલીસ ઇંસ્પેકટર આર.એ.જાદવ સાહેબ તથા સાથેના સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.કો મયુરધ્વજસિંહ ધર્મેન્દ્રસિંહ બ.નં.૮૯૮૭ નાઓને મળેલ બાતમી હકીકત આધારે આરોપી સતીષભાઇ રામભાઇ પટેલ ઉવ.૩૮ રહે, મ.નં.૧ ગાયત્રી સોસાયટી ભરત પાર્ટી પ્લોટના ખાંચામાં રામોલ અમદાવાદ શહેર નાઓને હીરો પેશન મો.સા નં GJ-01-JG-2445 સાથે પકડી મો.સા બાબતે પુછ પરછ કરતા કોઇ આધાર પુરાવા રજુ કરેલ નહી અને ગલ્લા તલ્લા કરતા સદરી ઇસમને સી.આર.પી.સી. કલમ ૪૧(૧)(ડી) મુજબ તા.૦૧/03/૧૮ ના કલાક.૧૮૦૦ વાગે પકડી અટક કરી સદરી મો.સા. સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ તપાસ અર્થે કબ્જે કરેલ અને સદરી ઇસમની પાસે પકડાયેલ મો.સા. બાબતે વધુ પુછ પરછ કરતા સદરી મો.સા. પોતે રબારી કોલોની બીઆરટીએસ સ્ટેન્ડની સામે રોડ ઉપરથી ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ જેથી આ ચોરી બાબતે રામોલ પોલીસ સ્ટેશનમાં ફ્સ્ટ ગુ.ર.નં.૩૮/૨૦૧૮ ધી ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ હોય જેથી સદરી આરોપીને ચોરાયેલ મુદામાલ સાથે પકડી રામોલ પોલીસ સ્ટેશન વાહન ચોરીનો ગુનો શોધી કાઢેલ છે.




---

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.